Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 11, Issue 2, October 2025
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વપરાશના સંદર્ભમાં વિદ્યાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીનો અભ્યાસ

**Amee M. Desai (Research Scholar),**

Gujarat University, Ahmedabad

**ABSTRACT**

આજનો યુગ એટલે ટેકનોલોજીનો યુગ આજના સમયમાં બાળક જન્મે તેને સમજણ ના આવી હોય એ પહેલા ફોન પકડતા અને વાપરતા શીખતું હોય તેવું ક્યાંક તમને પણ લાગ્યું હશે આજે જોઈએ તો કોઈ નથી કે જે ફોન કે ટેકનોલોજી નો ઉપયોગ ના કરતું હોય તેમાં બાળક થી લઈને વૃદ્ધ લોકો આવી ગયા પણ આવા સમયે પણ માતા-પિતા પોતાના બાળકને  કઈ રીતે શીખ આપે તે જરુરી છે. વાસ્તવમાં તે માતા-પિતા બાળકમાં કેટલા સામેલ છે તે જાણવા માટે આ સંશોધન કરવામાં આવ્યું છે. તેથી પ્રસ્તુત સંશોધનનો હેતુ સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વપરાશના  સંદર્ભમાં  વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીનો અભ્યાસ કરવાનો છે. જેમાં નિદર્શ તરીકે  સાદા યદચ્છ નિદર્શનની લોટરી પદ્ધતિ દ્વારા કુલ 600 વિધાર્થીઓની પસંદગી કરવામા આવી છે. નિદર્શ  પાસેથી માહિતી એકત્રીત કરવા માટે સંશોધન સાધન તરીકે Vijaya Laxmi Chauhan & Gunjan Ganotra Arora રચિત “માતા-પિતાની સામેલગીરી કસોટી” અને  વ્યક્તિગત માહિતી પત્રક જેમાં વિધાર્થીનું સોશિયલ મીડિયામાં એકાઉન્ટ છે કે નહીં અને દિવસ દરમિયાન સ્ક્રીન ટાઈમ નક્કી છે કે ઈચ્છા મુજબ તેની માહિતી મેળવી.ત્યારબાદ મેળવેલ માહિતીનું આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ કરવા ‘F’ test’ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધનનું પરિણામ જોવા મળે છે કે જાતિ,સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વપરાશની સ્વતંત્ર  અસર જોવા મળે છે અને સંયુકત અસર જોવા મળતી નથી.

**1.2 મુખ્ય પારિભાષિક શબ્દો :**

**KEY WORDS:** જાતિ, સ્ક્રીન ટાઈમ , સોશિયલ મીડિયા, માતા-પિતાની સામેલગીરી

**પ્રસ્તાવના (INTRODUCTION):**

આ ટેકનોલોજી યુગમાં લોકો જીવનમાં પોતે એક સાથે ઘણી જવાબદારી સાથે ચાલે છે આજે સ્ત્રી અને પુરુષ બંને એક સમયે કામ કરે છે અને ઘરની જવાબદારી તો સાથે હોય જ એમાં જયારે બાળકો હોય એને સારું જીવન આપવા જ માતા-પિતા કામ કરે છે પણ માતા-પિતા બાળકને સમય આપે છે.સાથે સાથે બાળક સાથે કેવી રીતે સામેલ થાય છે.બાળક સંતોષમય છે કે કેમ તે પણ જાણવું જરૂરી બન્યું છે. અને કામમાં વ્યસતતા કારણે દિવસ દરમિયાન બાળકને ફોન કે ટીવી જોવા દેવા કે કોઈ પ્રવૃતિમાં મન પરોવવું તે માતા-પિતાના હાથમાં છે તે શું કરે તેની અસર બાળકના ભવિષ્ય પર પડે છે.

પ્રસ્તુત સંશોધનમાં સ્ક્રીન ટાઈમ અને સોશિયળ મીડિયાના વપરાશ નાઅ સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીનું માપન કરવામાં આવ્યું છે. વિધાર્થીના જીવનમાં માતા-પિતા સામેલ છે કે બિન સામેલ છે તે છોકરો છે કે છોકરી છે ,તેનો સ્ક્રીન ટાઈમ નક્કી છે કે ઈચ્છા મુજબ અને તેનું સોશિયલ મીડિયામાં એકાઉન્ટ છે તે કોઈ સંબધીનું સોશિયલ મીડિયા વાપરે છે કે વાપરતા જ નથી. જાતિ, સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયા વપરાશ જેવા પરિવર્ત્યો ની વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરી છે કે નહી તેની તપાસ કરવામાં આવી છે.

માતા-પિતા સામેલગીરી (માતા-પિતાની સંડોવણી) ને શાળાના કાર્ય પ્રત્યે જાગૃતિ અને સંડોવણી ,વાલીપણાની કુશળતા અને શાળામાં વિધાર્થીની સફળતા વચ્ચેની ક્રિયા પ્રતિક્રિયાની સમજ અને વિધાર્થીની પ્રગતિ વિષે શિક્ષકો સાથે સતત વાતચીત કરવાની પ્રતિબદ્ધતા તરીકે વ્યાખ્યાતિ કરવામાં આવે છે .માતા-પિતાની સામેલગીરીના છ પ્રકાર છે. જેમા 1. વાલીપણા 2. વાતચીત 3.સ્વયંસેવા 4. ઘરે શીખવું 5. નિર્ણય લેવો અને 6. સમુદાય સાથે સહયોગ કરવો જેવા છે.

Prajapati Ashok N.(2014)ના સંશોધનમાં માતા-પિતાનું શિક્ષણ ,વિસ્તાર અને માતા-પિતાની સામેલગીરીના સંદર્ભમાં બાળકની અભ્યાસની ટેવો ,શૈક્ષણિક ચિંતા અને શૈક્ષણિક સિધ્ધીનો તુલનાત્મક અભ્યાસ જોવા મળે છે કે માતાપિતાની સામેલગીરીની અને શિક્ષણની શૈક્ષણિક ચિંતા પર કોઈ અસર જોવા મળતી નથી.

- **સંશોધનના હેતુઓ (Research objective) :**

1. જાતિના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીનો અભ્યાસ કરવો.
2. સ્ક્રીન ટાઈમના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીનો અભ્યાસ કરવો.
3. સોશિયલ મીડિયાના વપરાશના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીનો અભ્યાસ કરવો.
4. જાતિ,સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વપરાશના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીનો અભ્યાસ કરવો.

- **સંશોધનની ઉતકલ્પનાઓ( Research hypothesis):**

1. જાતિના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીનો કોઈ સાર્થક તફાવત જોવા નહીં મળે.
2. સ્ક્રીન ટાઈમના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીનો કોઈ સાર્થક તફાવત જોવા નહીં મળે.
3. સોશિયલ મીડિયાના વપરાશના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીનો કોઈ સાર્થક તફાવત જોવા નહીં મળે.
4. જાતિ,સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વપરાશના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીનો કોઈ સાર્થક તફાવત જોવા નહીં મળે.

- **સંશોધનના પરિવર્ત્યો ( Research Variables) :**

| ક્રમ | પરિવર્ત્યો | | કક્ષાઓ | કક્ષાઓના નામ |
|---|---|---|---|---|
| 1. | સ્વતંત્ર પરિવર્ત્ય | જાતિ | 2 | છોકરાઓ |
| | | | | છોકરીઓ |
| 2. | સ્વતંત્ર પરિવર્ત્ય | સ્ક્રીન ટાઈમ | 2 | સ્ક્રીન જોવાનો સમય નિશ્ચિત હોય |
| | | | | ઈચ્છા મુજબ |
| 3. | સ્વતંત્ર પરિવર્ત્ય | | 3 | સોશિયલ મીડિયામાં એકાઉન્ટ |

| | | | | |
|---|---|---|---|---|
| | | સોશિયલ મીડિયા વપરાશ | | સોશિયલ મીડિયામાં કોઈનું એકાઉન્ટનો વપરાશ |
| | | | | સોશિયલ મીડિયાનો વપરાશ ના કરવો |
| 4. | આધારિત પરિવર્ત્ય | માતા-પિતાની સામેલગીરી | 1 | માતા-પિતાની સામેલગીરી |

➢ **સંશોધન યોજના (Research Design) :**

પ્રસ્તુત સંશોધનમાં 2× 2× ફેકટોરિ ૩યલ યોજના પ્રયોજવામાં આવી છે .સંશોધન યોજના નીચે પ્રમાણે છે.

| | | A | | | |
|---|---|---|---|---|---|
| | | A1 | | A2 | |
| B → | | B1 | B2 | B1અ | B2 |
| C | C1 | A1B1C1 | A1B2C1 | A2B1C1 | A2B2C1 |
| | C2 | A1B1C2 | A1B2C2 | A2B1C2 | A2B2C2 |
| | C3 | A1B1C3 | A1B2C3 | A2B1C3 | A2B2C3 |

**સમષ્ટિ અને નિદર્શ )Population and Sample:(**

પ્રસ્તુત સંશોધનમાં ગાંધીનગર અને અમદાવાદ જીલ્લાના લોકોનો સમષ્ટિ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં સાદા યદચ્છ નિદર્શનની લોટરી પદ્ધતિ દ્વારા કુલ.600 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે .

❖ **સંશોધન સાધન :**

1. **માતા-પિતાની સામેલગીરી કસોટી:**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધન સાધન તરીકે Vijaya Laxmi Chauhan and Gunjan Ganotra Arora રચિત 'માતા-પિતાની સામેલગીરી કસોટી' નો ઉપયોગ કરવામાં આવેલ છે. આ કસોટીમાં કુલ 25 વિધાનો છે.

- સ્વ નિર્મિત વ્યક્તિગત માહિતી પત્રકમાં જરૂરરીયાત માહિતી મેળવવામાં આવી છે.

➢ **પરિણામ ચર્ચા (Result Discussion) :**

**જાતિ,સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વપરાશ સંદર્ભમાં વિદ્યાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના 'F' (ANOVA) કોષ્ટક:**

| Sum of variance | SS | Df | M | F | Significance |
|---|---|---|---|---|---|
| SSA | 51894.00 | 1 | 51894.00 | 142.68 | 0.01 |
| SSB | 23188.17 | 1 | 23188.17 | 63.75 | 0.01 |
| SSC | 37043.24 | 2 | 18521.62 | 50.92 | 0.01 |
| SSA∗B∗C | 1940.64 | 2 | 970.32 | 2.67 | NS |
| SS Error | 213862.40 | 588 | 363.71 | -- | -- |
| SST | 351158.39 | 599 | -- | -- | -- |

ઉપરોકત કોષ્ટક નં:1.1 જાતિના સંદર્ભમાં F મૂલ્ય **142.68** જોવા મળે છેજે . F કોષ્ટકમાં જોતા 0.01 કક્ષાએ સાર્થક જણાય છેએટલે કે જાતિ પર . માતા-પિતાની સામેલગીરીની અસર જોવા મળે છે.સ્ક્રીન ટાઈમ સંદર્ભમાં F મૂલ્ય **63.75** જોવા મળે છે જે .F કોષ્ટકમાં જોતા 0.કક્ષાએ 01 એટલે કે.સાર્થક જણાય છેસ્ક્રીન ટાઈમ પર માતા-પિતાની સામેલગીરીની અસર જોવા મળે છે.સોશિયલ મીડિયાના વપરાશ સંદર્ભમાં F મૂલ્ય **50.92** જોવા મળે છેજે . F કોષ્ટકમાં જોતા 0.01 કક્ષાએ સાર્થક જણાય છે એટલે કે .સોશિયલ મીડિયાના વપરાશ પર માતા-પિતાની સામેલગીરી ની અસર જોવા મળે છે,જાતિ .સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વપરાશના સંદર્ભમાં F મૂલ્ય **1.48** જોવા મળે છેજે . F કોષ્ટકમાં જોતા અસાર્થક જણાય છે,એટલે કે જાતિ . સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વપરાશ પર માતા-પિતાની સામેલગીરીની સંયુકત અસર જોવા મળતી નથી.

**TABLE :1.2**

**જાતિ પરિવર્ત્યના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના મધ્યકો અને F મૂલ્ય દર્શાવતું કોષ્ટક:**

| | જાતિ (A) | | 'F' Value | Level of signification |
|---|---|---|---|---|
| | છોકરાઓ ($A_1$) | છોકરીઓ ($A_2$) | | |
| Mean | 70.10 | 88.70 | 142.68 | 0.01 |
| N | 300 | 300 | | |

અહીં કોષ્ટક નં 1.2 માં જાતિ પરિવર્ત્યના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના મધ્યકો અને F મૂલ્ય દર્શાવ્યું છે જે .F કોષ્ટક જોતા તફાવત સાર્થક જોવા મળે છે આથી પૂર્વે રચેલી ઉત્કલ્પનાનો .અસ્વીકાર કરવામાં આવે છે.

**TABLE :1.3**

**સ્ક્રીન ટાઈમ પરિવર્ત્યના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના મધ્યકો અને F મૂલ્ય દર્શાવતું કોષ્ટક:**

| | કુટુંબના પ્રકાર (B) | | 'F' Value | Level of signification |
|---|---|---|---|---|
| | સ્ક્રીન સમય નિશ્ચિત હોય ($B_1$) | ઈચ્છા મુજબ હોય ($B_2$) | | |
| Mean | 85.62 | 73.18 | 63.75 | 0.01 |
| N | 300 | 300 | | |

અહીં કોષ્ટક નં **1. 3**માં સ્ક્રીન ટાઈમ પરિવર્ત્યના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના  મધ્યકો અને F  મૂલ્ય દર્શાવ્યું છે જે .F કોષ્ટક જોતા તફાવત સાર્થક જોવા મળે છે .આથી પૂર્વે રચેલી ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે .

**Table :1.4**

**સોશિયલ મીડિયાના વપરાશ પરિવર્ત્યના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના  મધ્યકો અને F મૂલ્ય દર્શાવતું કોષ્ટક:**

| | સોશિયલ મીડિયા વપરાશ(c) | | | 'F' Value | Level of signification |
|---|---|---|---|---|---|
| | સોશિયલમીડિયા એકાઉન્ટ હોય ($C_1$) | સોશિયલમીડિયા એકાઉન્ટબીજાનું વાપરાતા ($C_2$) | સોશિયલમીડિયા ના વાપરતા ($C_3$) | | |
| Mean | 90.16 | 76.42 | 71.62 | 50.92 | 0.01 |
| N | 200 | 200 | 200 | | |

અહીં કોષ્ટક નં **1.4** માં સોશિયલ મીડિયા વપરાશ પરિવર્ત્યના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના મધ્યકો અને F  મૂલ્ય દર્શાવ્યું છે જે .F કોષ્ટક જોતા તફાવત સાર્થક જોવા મળે છે આથી પૂર્વે રચેલી ઉત્કલ્પનાનો .અસ્વીકાર કરવામાં આવે છે .

**Table :1.5**

**જાતિ ,સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયા વપરાશ પરિવર્ત્યના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના મધ્યકો અને F મૂલ્ય દર્શાવતું કોષ્ટક:**

| | | | જાતિ (A) | | | | F value | Level of Signi. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ($A_1$) | | ($A_1$) | | | |
| | | | સ્ક્રીન ટાઈમ (B) | | સ્ક્રીન ટાઈમ (B) | | 2.67 | N.S |
| | | | ($B_1$) | ($B_2$) | ($B_1$) | ($B_2$) | | |
| | ($C_1$) | M | 80.86 | 66.88 | 108.70 | 104.62 | | |
| | | N | 50 | 50 | 50 | 50 | | |
| | ($C_2$) | M | 78.64 | 60.40 | 95.62 | 71.02 | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **સોશિયલ મીડિયા વપરાશ (C)** | | N | 50 | 50 | 50 | 50 | | |
| | ($C_3$) | M | 72.90 | 61.54 | 77.60 | 74.46 | | |
| | | N | 50 | 50 | 50 | 50 | | |

અહીં કોષ્ટક નં **1.5** માં જાતિ,સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વપરાશ પરિવર્ત્યના સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના મધ્યકો અને F મૂલ્ય દર્શાવ્યું છે જે.F કોષ્ટક જોતા તફાવત અસાર્થક જોવા મળે છે આથી પૂર્વે .રચેલી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે.

**તારણ (Conclusion) :**

1. જાતિ પરિવર્ત્ય સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના કસોટી પરના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે ,તેથી પૂર્વે રચેલી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.
2. સ્ક્રીન ટાઈમ પરિવર્ત્ય સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના કસોટી પરના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે,તેથી પૂર્વે રચેલી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.
3. સોશિયલ મીડિયાના વપરાશ પરિવર્ત્ય સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના કસોટી પરના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે, તેથી પૂર્વે રચેલી ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.
4. જાતિ, સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વપરાશ પરિવર્ત્ય સંદર્ભમાં વિધાર્થીઓ પર માતા-પિતાની સામેલગીરીના કસોટી પરના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે અસાર્થક તફાવત જોવા મળે છે,તેથી પૂર્વે રચેલી ઉત્કલ્પના નો સ્વીકાર થાય છે.

**References:**

**Prajapati,A.N.(2014) "The effect of parental education, area, parental involvement of children's study habbit, academic anxiety and academic achievement''phd thesis, shodhganga@Inflibnet.**

**પેટ,પીઈ અને એન્ડ્રુઝ,પીજી(2006). સંશોધન સારાંશ :માતા-પિતાની સંડોવણી**

https://www.amle.org/2020/03/27/parent-invovement